Muni Seva Ashram



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર



અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# અનુસંધાન

શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ, સેવા અને સહયોગનું સરવૈયું



"કંઈક ભેગું એની પાસે જ થાય છે,
જે લોકો ને કાંઈ "વહેંચી" શકે છે,
પછી એ ભલે સ્નેહ હોય,
સંપત્તિ હોય કે સન્માન હોય !

G08- એપ્રિલ 2026

# આશ્રમના પર્યાવરણ પ્રેમની વાત - વૈકલ્પિક ઉર્જાની વાત :

વસુધૈવમ કુટુંમ્બકમની ઉદ્દાત ભાવના તથા સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે સમન્વય - સુમેળના સંસ્કાર સાથે જન્મેલા મુનિ સેવા આશ્રમે, શરૂઆતથી જ વૈકલ્પિક ઊર્જાને માત્ર એક સુવિધા નહીં પણ જીવનશૈલી તરીકે અપનાવી. આ એ સમયની વાત છે જ્યારે 'સસ્ટેનેબિલિટી' જેવા શબ્દો વૈશ્વિક ચર્ચાના મંચ સુધી પહોંચ્યા પણ નહોતા.

15/03/2026

## Amid LPG supply crisis, sun and dung power kitchens in rural Gujarat

### Solar, Biogas Plants Help Cook Meals For Thousands

**Prashant Rupera & Radha Sharma** | TNN

**Vadodara/Ahmedabad:** Even as images of people queueing up for LPG cylinders become increasingly common amid the war-triggered supply crisis, some rural pockets in Gujarat offer a striking contrast.

From solar steam kitchens feeding thousands at Goraj near Vadodara to dung-powered cooking gas in Mujkuva village near Anand and Kutch villages, local renewable energy systems are insulating communities from the fuel crunch.



At Muni Seva Ashram in Goraj, solar-powered kitchens cook two meals a day for nearly 5,000 people

At Muni Seva Ashram in Goraj, solar-powered kitchens cook two meals a day for nearly 5,000 people. Nearly 80–85% of cooking requirements are met through solar energy and biogas. The campus houses the Kailash Cancer Hospital and Research Centre, four schools, hostels, old-age homes and several community facilities.

▶Continued on P 5

આજે જ્યારે વિશ્વ યુદ્ધની વિભીષિકા અને ઈંધણની કટોકટીનો સામનો કરી રહ્યું છે, ત્યારે મુનિ સેવા આશ્રમના સોલાર રસોડાં અને બાયોગેસ પ્રોજેક્ટ્સ મૂક સેવકની જેમ હજારો લોકોનો જઠરાગ્નિ તૃપ્ત કરી રહ્યા છે. આ સાબિત કરે છે કે જો જીવનશૈલી કરુણાસભર અને જાગૃત હોય, તો તે મનુષ્ય અને પ્રકૃતિ બંનેનું જતન કરી શકે છે.

## 'Most cooking is steam-based'

▶Continued from P1

The 5,000 people include patients, relatives, 2,500 residents on the campus and 1,800 students enrolled in the schools, nursing institutes and vocational training centres.

Most cooking is steam-based, allowing large-scale preparation of rice, dal and vegetables. Even oil-based dishes such as bhajiyas and puris are cooked using solar-powered systems.

A key element is the 'Big Dish' solar concentrator developed by the Australian National University and Sunrise CSP Australia. It generates steam capable of cooking over 2,000 meals a day while also supporting the hospital's one-tonne laundry and sterilisation needs.

The concentrator uses 90% of the sunlight falling on its reflector—far higher than the roughly 20% conversion efficiency of photovoltaic panels. The steam also supports the hospital's 200-tonne AC system. Ashram chairman Vikram Patel said, "The model reflects the vision of founder Anuben Thakkar who believed service to society must go hand in hand with self-reliance and care for nature."



TOI

The certification of the Mujkuva biogas plant

A similar story is unfolding in Mujkuva village near Anand, where women turned 'gobar' into 'dhan' through the Mujkuva Sakhi Khad Sahkari Mandali Ltd, the country's first all-women manure cooperative.

Launched in 2018 with 25 members, the cooperative now has 150 women. Most families are engaged in animal husbandry and use cow dung to generate biogas.


"Cooking fuel is never a concern for us, even though we live in a joint family of 10," said Hema Padhiyar, who with secretary Jagruti Padhiyar was invited by President Droupadi Murmu to Rashtrapati Bhavan during Republic Day celebrations.

Members say each household saves Rs 2,000 a month by avoiding LPG cylinders. Slurry from the plants is also sold as organic fertiliser to NDDB Mrida Ltd, helping farmers adopt natural farming.

In stark contrast to the panic in parts of the country, Rekha Maharaj and 50 other women in Kutch are unfazed as their kitchens run on biogas plants installed over the last three years.

આપણા આશ્રમની પર્યાવરણ સંતુલનની આ યાત્રાને પ્રથમ પાને પ્રગટ કરવા બદલ **The Times of India** નો ખુબ ખુબ આભાર . જો આથી એક પણ વ્યક્તિ કે સમાજ પ્રેરિત થાય તો સહુના પ્રયત્નો સફળ થશે. માં પ્રકૃતિ રાજી થશે.

> **“ પ્રકૃતિ સાથેનો સંબંધ જ્યારે માત્ર ઉપયોગથી ઉપર ઉઠીને ઉપકાર અને આભારનો બનશે, ત્યારે આ ધરતી પર નંદનવન ખીલશે.**



# વ્યવસાયલક્ષી તાલીમથી આત્મનિર્ભરતા




યુવાનોને વ્યવસાયલક્ષી કૌશલ્યો પ્રદાન કરી, રોજગાર ક્ષમતાને વિસ્તૃત બનાવી  તેમને આત્મનિર્ભર થવામાં મદદ કરતુ મુનિ સેવા આશ્રમનું વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર આખાય વિસ્તારમાં ખુબ જ લોકપ્રિય છે. માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક સુધી શિક્ષણ પામેલા યુવાન-યુવતીઓને પોતાના ગુણવત્તાયુક્ત તાલીમ કાર્યક્રમો, અત્યાધુનિક સુવિધાઓ અને અનુભવી પ્રશિક્ષકોની મદદથી સત્રને અંતે એક કુશળ, સંવેદનશીલ, સક્ષમ અને આત્મવિશ્વાસથી ભરેલા યુવા માં તબદીલ કરતુ આ સેન્ટર ઉધોગોનું પણ  પ્રીતિપાત્ર છે અને એથી જ આ સેન્ટરમાંથી ઉત્તીર્ણ થતા યુવાઓને નોકરી માટે રાહ જોવી પડતી નથી.

વધુમાં અભ્યાસપૂર્ણ કર્યા બાદ જો કોઇ વિદ્યાર્થીને પોતાનો વ્યવસાય શરુ કરવો હોય તો તેમાં પણ આ સેન્ટર મદદરૂપ થાય છે.

તાજેતરમાં જ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા સ્થિત કન્યા સાક્ષરતા શાળાની ધોરણ 11ની વિદ્યાર્થિનીઓએ તેમના શિક્ષકો સાથે આ સેન્ટરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિવિધ વિભાગોની પ્રત્યક્ષ માહિતી મેળવી અને અહીં ચાલતા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો વિશે ઝીણવટભરી જાણકારી પ્રાપ્ત કરી હતી.

મુનિ સેવા આશ્રમનું આ સેન્ટર અન્ય શાળાઓના વિદ્યાર્થીઓને પણ મુલાકાત માટે હાર્દિક આમંત્રણ આપે છે, જેથી તેઓ કારકિર્દીલક્ષી સાચા નિર્ણયો લઇ શકે અને પોતાના જીવનને ઉન્નત બનાવી શકે.

## સાયન્સ ઓલિમ્પિયાડ 2025–26ના પરિણામો












સિલ્વર ઝોન ફાઉન્ડેશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય સ્તરની સાયન્સ ઓલિમ્પિયાડ 2025–26 પરીક્ષાના પરિણામો આવી ગયા છે.  શાળા સ્તરે સરાહનીય પ્રદર્શનના આધારે પાંચ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સાથે પ્રતીકાત્મક પદકો એનાયત કરવામાં આવ્યા છે.

**ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર:** શ્રદ્ધા રાઠવા અને તૃપ્તિ ખાંટ

**સિલ્વર મેડલ અને પ્રમાણપત્ર:** ભાર્ગવ ભાભોર અને જાનવી રાઠવા


**બ્રોન્ઝ મેડલ અને પ્રમાણપત્ર:** ભવ્યા મિસ્ત્રી

આ તમામ વિજેતા વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષકોને તેમની મહેનત અને સમર્પણ માટે હાર્દિક અભિનંદન।

# સંકલ્પ અને શ્રદ્ધાનો વિજય: ગુરુદત્ત દવેની પ્રેરણાદાયી સફર

શ્રદ્ધા અને દ્રઢ સંકલ્પની શક્તિથી આપણો 'મુનિ સેવા આશ્રમ' પરિવાર ભલીભાંતી પરિચિત છે. તાજેતરમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયા (TOI) માં પ્રકાશિત થયેલી ભાઈ ગુરુદત્ત દવેની સંઘર્ષગાથા તેનું ઉત્તમ ઉદાહરણ છે. અદમ્ય મનોબળ અને અતૂટ શ્રદ્ધા સાથે તેમણે જીવન અને શિક્ષણની પરીક્ષામાં જે ઝળહળતી સફળતા મેળવી છે, તે આપણા સૌ માટે પ્રેરણાનો સ્ત્રોત છે. આ હૃદયસ્પર્શી ગાથા રજૂ કરવા બદલ TOI નો ખુબ ખુબ આભાર.

સ્ટેજ-IV લિમ્ફોમા કેન્સર જેવી ગંભીર બીમારી સામે ઝઝૂમી રહેલા યુવાન વિદ્યાર્થી ગુરુદત્ત દવેએ સાબિત કરી દીધું કે હિંમત હોય તો ગમે તેવા અંધકારને ચીરી શકાય છે. સારવારની અત્યંત કપરી અને શારીરિક રીતે થકવી નાખતી પરિસ્થિતિમાં પણ તેમણે શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખી અને પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું—જે ખરેખર એક અસાધારણ સિદ્ધિ છે.જ્યારે જીવનમાં હાર માની લેવા માટે સો બહાના હાજર હતા, ત્યારે ગુરુદત્તે લડવાનું અને આગળ વધવાનું પસંદ કર્યું.



## Battling cancer, MSU student secures top ranks in GATE

Prashant.Rupera
@timesofindia.com

**Vadodara**: In a remarkable story of resilience and determination, Gurudutt Dave (22), a final-year engineering student of Maharaja Sayajirao University (MSU), has secured All India Rank (AIR) 75 in electronics and AIR 333 in electrical engineering in GATE 2026, despite battling stage IV lymphoma and undergoing gruelling chemotherapy sessions.

Diagnosed in March 2024 after experiencing persistent back pain and swelling, Dave underwent six intensive chemotherapy cycles over nearly three-and-a-half months at Muni Seva Ashram, Goraj. "The first week after every session was extremely difficult, and I was mostly on bed rest. I would study gradually once I started recovering," he said.

Even before his diagnosis, Dave faced academic setbacks, having been detained due to backlogs during the transition from his second to third year. However, he persisted and first appeared for GATE in 2025, securing AIR 1,334 in electrical engineering. Unsatisfied, he tried again, this time opting for two papers — a strategy that paid off with top ranks.

Dave credited his mentors, friends, and family for support during the challenging period. "Mrunal sir always kept motivating and guiding me," he said.

Coming from a modest background, with his retired father employed in a non-technical role at MSU, Dave now plans to pursue higher studies at the Indian Institute of Science (IISc), Bengaluru. While he is inclined towards research, he said his long-term plans will evolve with experience.

Reflecting on his journey, Dave said, "The setbacks pushed me to stay focused."

TOI

Gurudutt Dave

તેમણે નિરાશાને હાવી થવા દેવાને બદલે સપના જોવાનું ચાલુ રાખ્યું. તેમની આ સફર આપણને યાદ અપાવે છે કે:

- જ્યારે સંકલ્પ અડગ હોય, ત્યારે કશું જ અશક્ય નથી.
- માણસનું આત્મબળ કોઈપણ પર્વત જેવી મુશ્કેલી કરતા પણ મોટું હોઈ શકે છે.
- જ્યારે આપણે વિશ્વાસનું પ્રથમ ડગલું માંડીએ છીએ, ત્યારે કુદરત પણ આપણી સફળતામાં સહભાગી બને છે.

**વિશેષ આનંદ અને ગૌરવની વાત એ પણ છે કે ભાઈ ગુરુદત્તની આ સંપૂર્ણ સારવાર આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. તેમની આ સફરમાં નિમિત્ત બની શક્યા તેનો અનેરો સંતોષ છે.**

મુનિ સેવા આશ્રમ પરિવાર વતી ભાઈ ગુરુદત્તને તેમના ઉજ્જવળ ભવિષ્ય અને સ્વસ્થ જીવન માટે અનેક શુભકામનાઓ!

## Kailash Cancer Hospital & Research Centre
## Q4 Service Overview: YOY Comparison

| Service | 2025-26 | 2024-25 |
|---|---|---|
| Patient Consultations | 33103 | 36265 |
| Indoor Treatments | 6394 | 6178 |
| Day - care Chemo therapies | 3621 | 3553 |
| Surgeries Performed | 563 | 503 |
| Radiation Therapies | 484 | 492 |
| Nuclear Medicine | 724 | 801 |
| Bone Marrow Transplantations | 9 | 14 |
| Lab Investigations | 67273 | 62333 |
| Radiology Investigations | 7719 | 6677 |

# રામ નવમી



આપણી EMRS, મગનપુરા કેમ્પસના વિદ્યાર્થીઓએ પ્રભુ શ્રીરામના જન્મોત્સવ - રામ નવમીને ભક્તિભાવ સાથે ઉજવ્યો. આ અવસર પર સંત તુલસીદાસજી રચિત સ્તુતિ સહિત ભાવભીનાં ભજનો દ્વારા વાતાવરણ ભક્તિમય બન્યું।

# વિશ્વ ટીબી દિવસ નિમિત્તે વિશેષ વ્યાખ્યાન



વિશ્વ ટીબી દિવસ નિમિત્તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે "ક્ષયરોગ અને તેનું સંચાલન" વિષય પર નિષ્ણાત લેક્ચર નું આયોજન કરવામાં આવ્યું. આ માહિતીપ્રદ અને માર્ગદર્શક સત્ર માટે તાલુકા હેલ્થ સુપરવાઇઝર શ્રી શૈલેષભાઇ પટેલનો હૃદયપૂર્વક આભાર!

# નર્સિંગ વિદ્યાર્થીઓ વિધાનસભાની મુલાકાતે




તાજેતરમાં, ઇસ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના અભ્યાસક્રમ B.Sc. સેમેસ્ટર–6 ના વિદ્યાર્થીઓએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી અને 25 માર્ચ 2026ના રોજ યોજાયેલ વિધાનસભાના ઉનાળુ સત્રના અંતિમ દિવસે હાજરી પણ આપી.

# મારા મનની વાત



આંખો મીંચું ત્યારે બધું જાણે સ્વપ્નના મખમલી પડદે ધીરે ધીરે જીવંત થતું જાય છે...

સમયનો ચક્ર પાછું ફરીને 1989–90 ની સાલે જઈને ઉભું રહે છે.

પોપડીપુરા ગામથી એક નાનકડો, નિર્દોષ 4–5 વર્ષનો છોકરો પોતાના પરિવાર સાથે અહીં આવ્યો... જ્યાં આજે આપણો આશ્રમ છે, ત્યાં સામે જ 3 - 4 ઘર. એમના એકમાં વસવાટ શરૂ થયો. તે દિવસોમાં આ વિસ્તાર નિર્જન હતો– ચોરી અને લૂંટફાટની વાતો હવામાં તરતી, અને મનમાં એક અજાણ્યા ભયની છાયા સદા વસતી.

પણ આજે, આ બધું યાદ કરું ત્યારે લાગે છે—જાણે જીવનનું એક ચિત્રપટ આંખો સામેથી ધીરે ધીરે સરી રહ્યું હોય...

અને એ નાનકડો છોકરો—હું જ, શૈલેષ પરમાર.

ચાલો, આજે તમને મારા આશ્રમના સંસ્મરણોની યાત્રા પર લઈ જાઉં...

અમારા ઘર સામે જ પૂજ્ય શ્રી અનુબેનની એક સાદી ઝૂંપડી હતી. એની બાજુમાં જ એમણે નાના બાળકો માટે એક આંગણવાડી જેવી જગ્યા ઊભી કરી હતી—જે આજે તેમની મૂર્તિથી પવિત્ર બનેલી છે. ત્યાં એ અમને બોલાવતા, રમાડતા, ગીતો ગવડાવતા...

હું પણ ત્યાં જવા લાગ્યો.

ગાંધીબાપુના પ્રતિમાની સાક્ષીએ, એ નિર્દોષ રમતો અને બેનના મીઠાં સ્વરોમાં ગવાતું “શુભ મંગલ હો ભજન”... એમાં કંઈક એવું જાદુ હતું કે મનમાં વસેલો ભય ગાયબ થઈ જતો.

ઘરે પાછા ફરતાં, દરેક બાળકના હાથમાં બિસ્કિટનું નાનું પેકેટ—પણ એ માત્ર બિસ્કિટ નહોતું, એ તો બેનનું અખૂટ વાત્સલ્ય હતું..

બેનની અમને એવી માયા કે અમે બાળકો આખો દિવસ રાહ જોતાં—ક્યારે ફરી આશ્રમમાં જવાની વેળા આવે...

થોડો મોટો થયો, શાળામાં જવા લાગ્યો—પણ મન તો આશ્રમના આંગણે જ અટવાયેલું રહેતું.

ત્યારે એક-એક ઈંટમાં સેવાના પાયા નંખાઈ રહ્યા હતા. અમે બાળકો પણ હોંશે-હોંશે શ્રમદાનમાં જોડાતા. બેન અમને એવી રીતે કાર્ય સોંપતા કે કામ કરવાનો આનંદ ઉત્સવ બની જતો; થાક તો ક્યારેય આસપાસ પણ ન ફરકતો. અનાથ બાળકો માટે બેનનું હૃદય હંમેશા દ્રવી ઉઠતું, અને એ કરુણામાંથી જ 'પરિવાર મંદિર'નો જન્મ થયો. મારી માસીની દીકરીઓનો ઉછેર પણ આ જ વાત્સલ્યની છાયામાં થયો છે.

આશ્રમ સાથેના અમારા સંબંધો લોહીના સંબંધોથી પણ વિશેષ હતા. સવારમાં નાનું ડોલચું લઈને જઈએ એટલે તાજી છાશ મળે. ઉનાળામાં કેરીની મોસમ હોય ત્યારે બેન અચૂક અમને જમવા તેડાવતા. દિવાળીના ફટાકડા હોય, ઉતરાણના પતંગ-દોરા હોય કે નવરાત્રીની લ્હાણી – અમારા માટે તો આશ્રમ એટલે 'લાડવાનું ગાડું' અને બેન એટલે 'વ્હાલપનો દરિયો'.

મારા પિતાજી પણ અહીં બેન બતાવે તે કામ કરતા. નવરાત્રિના ગરબામાં હાર્મોનિયમ વગાડતા, પૂજ્ય મુરારીબાપુની કથા વખતે પડેલી પંગતોમાં પીરસતા.

આશ્રમની પાછળ વહેતી દેવ નદી જાણે કુદરતનું વરદાન હતી. શ્રમદાન પછી નદીના નીરમાં ડૂબકી મારવી, કિનારે ઉગતી ગોરસ આંબલીઓ ઝાપટવી અને સાંજે તાજામાજા થઈ હોસ્પિટલની પરસાળમાં બેસી ટીવી જોવું – એ જિંદગી ખરેખર ન્યાલ કરી દે તેવી હતી. ધીમે ધીમે આશ્રમ જ અમારો પરિવાર બની ગયો. સાજા હોઈએ કે માંદા, આ આશ્રમ અને તેની હોસ્પિટલ જ અમારો સહારો હતા. મને યાદ છે, એકવાર હું બીમાર પડ્યો ત્યારે સાહેબે પોતે મારી સારવાર કરી હતી. એ વખતે મને ક્યાં ખબર હતી કે જેમના હાથે હું સાજો થઈ રહ્યો છું, એ જ સાહેબના માર્ગદર્શન હેઠળ મારે મારો કર્મપથ કંડારવાનો છે!

આશ્રમ પ્રત્યેના આ અતુટ લગાવને કારણે જ મેં નર્સિંગનો અભ્યાસ કર્યો અને વર્ષ 2005માં મેલ નર્સ તરીકે સેવામાં જોડાયો. એ સમયે પણ સવારની પ્રાર્થના અને પછી શ્રમદાનનો એ પવિત્ર ક્રમ ચાલુ હતો. પાંચેક વર્ષના સેવાકાળ પછી મને 'કૈલાશ કેન્સર હોસ્પિટલ'માં ઈન્ચાર્જ નર્સ તરીકેની જવાબદારી સોંપાઈ, જે આજે પણ હું નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યો છું. બેનની ઉમદા ભાવનાઓ અને તેમના આશીર્વાદ આજે પણ મારા અંતરમનમાં ગુંજ્યા કરે છે અને મુશ્કેલ સમયમાં સાચો રાહ બતાવે છે. અને જ્યારે ક્યાંક અટકી જાઉં—ત્યારે સાહેબનું માર્ગદર્શન દીવાદાંડી બનીને ઉભું રહે છે.

એક નાનકડી ઝૂંપડીમાંથી શરૂ થયેલી આ યાત્રા આજે કેટલાય જીવનને સ્પર્શતી, ઉદ્ધારતી એક વિશાળ સ્નેહસાગર બની છે—

શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસાધન સંવર્ધન અને સામાજિક ઉત્થાનના અવિરત પ્રવાહ સાથે...

મારી આંખો સામે પાંગરેલું આ પરિવર્તન — મને ગર્વથી ભરી દે છે.

બેનને નજીકથી જોવાનો, તેમના ખોળામાં રમવાનો જે અદ્વિતીય લ્હાવો મળ્યો—તે માટે ભગવાનનો જેટલો આભાર માનું ઓછો છે...

મારા જેવા અનેક પરિવારોને આ આશ્રમની છત્રછાયામાં જીવનભર નો આશરો મળ્યો છે—

બાળકોને શિક્ષણ,

અનાથોને માવતર,

દર્દીઓને સારવાર,

ભગિનીઓ - વડીલોને માનભર્યું જીવતર,

અને યુવાનોને દિશા સાથે રોજગાર ...

આજે મારા અંતરાત્માથી એક જ પ્રાર્થના ઊઠે છે—

આશ્રમ સદાયે લીલોછમ રહે,

એના આંગણે આવનાર કોઈપણ હૃદય નિરાશ પાછું ન ફરે...

અને આ સેવા-યજ્ઞ સદૈવ પ્રજવલિત રહે.



## શિક્ષણથી લઈને સંસ્કાર સુધી - સર્વાંગી શ્રેષ્ઠતાનું સન્માન




વનકુવા હરિત પરિસર ખાતેની મુનિ સેવા આશ્રમ સંચાલિત આપણી વિવેકાનંદ ઉત્તર બુનિયાદી શાળા " સમગ્ર શિક્ષા" ( જે ગુજરાત શાળા શિક્ષણ પરિષદ (GCSE) દ્વારા અમલિત છે) ના સર્વેની "ઓવરોઓલ કેટેગરીમાં" તાલુકા કક્ષાની આવાસીય શાળાઓમાં પ્રથમ નંબરે આવી છે અને શાળાને પ્રમાણપત્ર, શિલ્ડ તથા 11000 રૂપિયાનું ઇનામ પણ પ્રાપ્ત થયેલ છે. ગુણવત્તા યુક્ત શિક્ષણની સાથે સાથે સ્વચ્છતા, કુદરતી સંસાધનોનું સંવર્ધન, આરોગ્ય, સલામતી અને વર્તન પરિવર્તન જેવા મહત્વપૂર્ણ માપદંડો પર ઉત્તમ પ્રદર્શન કરીને આ ગૌરવ પ્રાપ્ત કરવા બદલ શાળાના વિધાર્થીઓ, શિક્ષકો અને તમામ માર્ગદર્શક સહયોગીઓને હાર્દિક અભિનંદન!

## CNC પ્રોગ્રામિંગ કોર્સ – કૌશલ્ય વિકાસ દ્વારા ઉજ્જવળ ભવિષ્ય તરફ.

VTC ખાતે CNC પ્રોગ્રામિંગનો નવો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સફળતાપૂર્વક શરૂ કરવા માટે જરૂરી હાર્ડવેર ઉપલબ્ધ કરાવવા બદલ વોશિંગ્ટન સ્ટેટ, U S A ના શ્રી રાજેનભાઈ અને નંદિનીબેન શાહનો હૃદયપૂર્વક આભાર.





## ભગિની મંદિર :

હાલમાં, વડોદરાના ભૂમિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપણી ભગિનીઓને ગાયન, નૃત્ય અને રેમ્પ વોક જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. માત્ર બે દિવસની ટૂંકી સૂચના હોવા છતાં, તેમણે ઉત્સાહપૂર્વક તૈયારી કરી અને શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું.





**આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.**